# શેષ વાર્તાઓ

ઉમાશંકર જોશી

સંપાદન

સ્વાતિ જોશી

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

# નિવેદન

આ સંગ્રહમાં ઉમાશંકર જોશીની અપ્રગટ અને અગ્રંથસ્થ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે એમનાં બધાં જ અપ્રગટ અને અગ્રંથસ્થ લખાણોનું પ્રકાશન કરવાનો નિર્ણય કર્યો ત્યારે વાર્તાઓની હસ્તપ્રતો અને સામયિકોમાં છપાયેલી વાર્તાઓની નકલો હાથમાં આવી. એમાંની ઘણીખરી વાર્તાઓ *શ્રાવણી મેળો* અને *વિસામો* વાર્તાસંગ્રહોમાં ગ્રંથસ્થ થયેલી છે. અહીં હસ્તપ્રત સ્વરૂપમાં મળેલી બે અગ્રંથસ્થ વાર્તાઓ ‘અબોલ’ અને ‘વીણા’નો સમાવેશ કર્યો છે. ‘ઉંબર બહાર’ ઉમાશંકરે ૧૯૩૮માં ‘ઉગમણે બારણે’ નવલકથાની રૂપરેખા તૈયાર કરેલી, તેની પૂર્વકથારૂપે લખવાની શરૂ કરેલી. *કુમાર*માં ૧૯૪૦–૪૧માં ચાર પ્રકરણોમાં એ પ્રગટ થયેલી, અને પછી બંધ થઈ. ‘બેબિસ્તાન’, ‘લજ્જા’ અને ‘ચિ. પરિમલ’ સામયિક અને વર્તમાનપત્રોમાં પ્રકાશિત થયેલી છે. ‘ધરમ!’ *સંસ્કૃતિ*માં ‘શ્રવણ’ ઉપનામથી છપાઈ હતી. ‘સત્યવ્રત’ અને ‘ડાઘાસર’ એ ‘લોકકથા’ઓની એમના શબ્દોમાં રજૂઆત છે. ‘વિસામો’ એ રૉબર્ટ હેરિકની જાણીતી અમેરિકન નવલકથા *The Master of the Inn*નો સંક્ષેપ છે.

ઉમાશંકરનું બધું જ અગ્રંથસ્થ લખાણ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું હોવાથી આ સંગ્રહમાં એમણે ૧૯૫૯માં *વિસામો* વાર્તાસંગ્રહના પ્રકાશન વખતે પહેલાના બે વાર્તાસંગ્રહો *ત્રણ અર્ધું બે* અને *અંતરાય*માંથી રદ કરેલી કુલ છ વાર્તાઓને પણ ફરીથી ગ્રંથસ્થ કરવાનો નિર્ણય લીધો છે. *ત્રણ અર્ધું બે*માંથી ‘સરયૂસ્વાતિ’, ‘એક સુખી કરુણાન્ત’, ‘એક સુધારકનું વસિયતનામું’, ‘રમેશ’, ‘ધૂળધોયાની વહુનાં ઘરેણાં’ તેમજ *અંતરાય*માંથી ‘મહેરામણ બંધાણી’ વાર્તાઓ જે એમણે રદ કરી હતી તે અહીં ફરીથી મૂકી છે. ઉમાશંકરને મત ‘વાર્તા કેવી રીતે લખાવી જોઈએ’ એ વિશેના એમના ખ્યાલોથી આ વાર્તાઓ ઊણી ઊતરતી હોઈ તેમણે એમને રદ કરી હતી. અહીં પ્રગટ થયેલી બીજી

અગ્રંથસ્થ વાર્તાઓ પણ કદાચ એમના પોતાના વાર્તાના સ્વરૂપ વિશેના ખ્યાલમાં ખરી ન ઊતરે.

આ બધી કૃતિઓને 'વાર્તા' કહેવાય કે કેમ એ પ્રશ્ન ઊઠવાનો. પરંતુ બે કારણોસર તેમને અહીં મૂકી છે. એક તો ઉપર જણાવ્યા પ્રમાણે ઉમાશંકરનું સમગ્ર અગ્રંથસ્થ લખાણ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું હોવાથી એમની કથામૂલક બધી જ કૃતિઓ સાથે મૂકવાનું યોગ્ય લેખ્યું છે. બીજું, 'વાર્તા'નું સ્વરૂપ શું, કે અમુક નિર્ધારિત સમજની સીમાની બહાર પણ એને જોઈ, મૂલવી શકાય કે કેમ એ પ્રશ્ન પોતે જ અગત્યનો છે. વાર્તાના 'સ્વરૂપ' અને 'ગુણવત્તા'ની સમજ અને ધોરણો સમયે સમયે અને વાચકે વાચકે બદલાતાં હોય છે. છેવટે, આ વાર્તાઓનું એક દસ્તાવેજી મૂલ્ય તો છે જ. જે સમય અને સમાજમાં એ લખાઈ એમાં એ ડોકિયું કરાવે છે. આજના સમયમાં જ્યારે વિવેચનક્ષેત્રમાં સાહિત્ય અને સમાજવિદ્યાઓ અલગ અલગ શાખાઓ રહી નથી, બલકે એકબીજાની પૂરક બની છે ત્યારે કોઈ પણ સર્જકકૃતિ વાચકને માટે રસનો વિષય બની રહેવાની.

અમદાવાદ
૧ નવેમ્બર, ૨૦૧૧

**સ્વાતિ જોશી**

# અનુક્રમ


અબોલ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૧

વીણા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૮

ઉંબર બહાર . . . . . . . . . . . . . . . . . . . . . ૧૧

બેબિસ્તાન . . . . . . . . . . . . . . . . . . . . . ૩૯

લજ્જા . . . . . . . . . . . . . . . . . . . . . . . ૪૪

ચિ. પરિમલ . . . . . . . . . . . . . . . . . . . . ૫૦

મહેરામણ બંધાણી . . . . . . . . . . . . . . . . . ૫૯

સરયૂસ્વાતિ . . . . . . . . . . . . . . . . . . . . ૭૧

એક સુખી કરુણાન્ત . . . . . . . . . . . . . . . . ૭૯

એક સુધારકનું વસિયતનામું . . . . . . . . . . . . . ૮૯

રમેશ . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૯૬

ધૂળધોયાની વહુનાં ઘરેણાં . . . . . . . . . . . . . ૧૧૦

‘ધરમ!’ . . . . . . . . . . . . . . . . . . . . . . ૧૧૯

સત્યવ્રત (એક લોકકથા) . . . . . . . . . . . . . . ૧૨૬

ડાઘાસર . . . . . . . . . . . . . . . . . . . . . ૧૩૧

વિસામો . . . . . . . . . . . . . . . . . . . . . ૧૩૪